સુમુલ ડેરીની તમામ 16 બેઠક માટે પ્રદેશ ભાજપ મેન્ડેટ આપશે

ભાજપના નિરીક્ષકો દુષ્યંત પંડ્યા, ગીતાબેન રાઠવા અને શબ્દશરણ બ્રહ્મભટ્ટ રજૂઆતો સાંભળશે

સુરત, તાપી જિલ્લાના દાવેદાર જ ટોકન લઈ પોતાની રજૂઆત કરી શકશે

સુરતઃ સુરત અને તાપી જિલ્લાની જીવાદોરી સામાન સુમુલ ડેરીની ચૂંટણી આગામી 15 જુલાઈ એ યોજાશે.એ પૂર્વે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ પંચાલ (વિશ્વકર્મા)એ ગાંધીનગરમાં ભાજપના બંને જૂથો સાથે યોજાયેલી બેઠકમાં તમામ 16 બેઠકો પર પાર્ટીના સમર્થિત ઉમેદવારો ઉતરવાની સ્પષ્ટ વાત કરી હતી. એટલે કે, સુમુલ ડેરીની તમામ 16 બેઠકો માટે પ્રદેશ ભાજપ મેન્ડેટ આપશે.

આવતીકાલે ગુરુવારે બપોરે 2 વાગ્યે બારડોલી ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશ ભાજપના નિરીક્ષકો દુષ્યંત પંડ્યા,ગીતાબેન રાઠવા અને શબ્દશરણ બ્રહ્મભટ્ટ સુરત,તાપી જિલ્લાના સત્તા અને સંગઠનના મુખ્ય હોદ્દેદારો અને દાવેદારોની રજૂઆતો સાંભળશે.

સુરત અને તાપી જિલ્લાના સાંસદો,ડેરી કાર્યક્ષેત્રના ધારાસભ્યો, સુરત અને તાપી જિલ્લા પંચાયતના પ્રમુખો, ચૂંટાયેલા સભ્યો, તાલુકા પંચાયતોના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ, દંડક, સુરત અને તાપી જિલ્લા ભાજપના પ્રમુખો, મહામંત્રીઓ રજૂઆતો કરી શકશે, સુમુલની ચૂંટણી લડવા માંગતા ઈચ્છુકો, દાવેદારોને એકલા આવી રજૂઆત કરવા જણાવ્યું છે.ટોળાશાહીમાં રજૂઆત કરવા આવનાર દાવેદારોની રજૂઆતો સાંભળવામાં આવશે નહીં એવી સ્પષ્ટ વાત બંને જિલ્લા પ્રમુખોને જણાવી દેવાઈ છે.

ફોર્મ ભરવાના અંતિમ દિવસે મેન્ડેટ આપશે

સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત સહકારી અધિનિયમની કલમ 86 મુજબ તપાસ અધિકારી અને નવસારીના જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા વર્ષ 2015 થી 2020 દરમિયાન વર્તમાન ચેરમેન માનસિંહ પટેલ,બિપીન ચંદુભાઈ ચૌધરી અને બ્રિજેશ ગુણવત પટેલે કરેલી ફરિયાદમાં આખા બોર્ડને જવાબદાર ઠેરવવામાં આવ્યું હોવાની ચર્ચા છે. પણ સુમુલ ચૂંટણી પહેલા 2000 પાનાંનો આ તપાસ રિપોર્ટ જાહેર થાય તો ભાજપનો ભ્રષ્ટાચાર બહાર આવી શકે છે. જેને લીધે આ રિપોર્ટ જાહેર નહીં કરવાનું વલણ અપનાવવામાં આવ્યું છે.એને બદલે સુમુલની જૂની બોર્ડના ત્રણ ટર્મથી ચૂંટણી લડતા ડિરેક્ટરોની ટિકિટ કપાઈ શકે છે.જોકે સાચી હકીકત તો 23,24 જૂને જ ખબર પડશે.

કોંગ્રેસના ઉમેદવારો સાથે છૂપું ગઠબંધન કરનાર સામે પગલાં લેવાશે

તત્કાલીન પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર.પાટીલની જેમ વર્તમાન પ્રમુખ જગદીશ વિશ્વકર્મા એ પણ સુમુલમાં કોંગ્રેસ સાથે ઇલુ ઇલુ સંબંધો સાચવનાર આગેવાનો સામે કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે. ગાંધીનગર ની બેઠકમાં બંન્ને જૂથના આગેવાનોને સ્પષ્ટ જણાવી દેવામાં આવ્યું હતું કે,કોંગ્રેસના ઉમેદવારો સાથે છૂપું ગઠબંધન કરનાર આગેવાનો સામે પગલા લેવાશે.એને લીધે કોંગ્રેસ સાથે સંકળાયેલા ત્રણે વર્તમાન ડિરેક્ટરે ન છૂટકે કોંગ્રેસ પ્રેરિત પેનલમાં ઉમેદવારી કરવી પડશે.ગુજરાત વિધાનસભામાં વિપક્ષ કોંગ્રેસ પક્ષના નેતા ડો.તુષાર ચૌધરીએ તાપી જિલ્લાની તમામ 7 બેઠકો પર ઉમેદવારો ઉતારવાનું અને આદિવાસી સમાજને જ સુમુલના પ્રમુખ બનાવવાની નેમ સાથે પેનલ ઉતારવા બેઠક યોજી હતી.સુરત જિલ્લાની 9 બેઠકો પૈકી 7 બેઠકો પર પણ કોંગ્રેસ ઉમેદવારી નોંધાવશે.ચોર્યાસી અને પલસાણા એમ 2 બેઠકો પર કોંગ્રેસને ઉમેદવાર મળવા મુશ્કેલ છે.

સુરત APMCના નવા પ્રમુખની વરણી 24 જૂન સુધી સ્થગિત

ચૂંટણી અધિકારી બિમાર પડી જતા પ્રદેશ ભાજપનો મેન્ડેટ લાવવાનું પણ ટાળવામાં આવ્યું

સુરત : રાજ્યની સૌથી સમૃદ્ધ બજાર સમિતિઓમાંની એક સુરત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC સુરત)ના નવા પ્રમુખની વરણી આજે થવાની હતી. એ પૂર્વે મોડી રાતે નવસારીના જિલ્લા રજિસ્ટ્રાર અને સરકાર નિયુક્ત ચૂંટણી અધિકારી બિમાર પડી જતા

પ્રમુખ પદની વરણીની બેઠક 24 જૂન સુધી સ્થગિત કરી દેવામાં આવી છે. મંગળવારે રાતે જ સુરત ના વર્તમાન ચેરમેન સંદીપ દેસાઈએ અધિકારીની અનુપસ્થિતિની જાણ કરતા પ્રદેશ ભાજપનો મેન્ડેટ પણ સ્થગિત કરવામાં આવ્યો છે. સુરત APMCના વર્તમાન ચેરમેન, વાઇસ ચેરમેન સંદીપ દેસાઈ અને હર્ષદ પટેલની અઢી વર્ષની પ્રથમ ટર્મ પૂર્ણ થતાં હવે બીજી અઢી વર્ષની ટર્મ માટે નવા પ્રમુખ, ઉપપ્રમુખની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, 17મી જૂને સવારે 11 વાગ્યે સુરત APMC ખાતે પ્રમુખપદની વરણી માટે તમામ સભ્યો ભેગા થયા હતા. પણ વર્તમાન હોદ્દેદારોએ ચૂંટણી અધિકારી આકસ્મિક સંજોગોમાં ઉપસ્થિત રહી શકે એમ ન હોવાથી આજે બુધવારની કારોબારી બેઠક પણ સ્થગિત કરવામાં આવી હતી.

નવી તારીખ નક્કી થયા પછી પક્ષના આદેશ બાદ નવા પ્રમુખના નામ પર અંતિમ મહોર મારવામાં આવશે. ઉપપ્રમુખની વરણી પ્રમુખની વરણી થયાના પખવાડિયા પછી કરવામાં આવશે.

વર્તમાન પ્રમુખ તથા ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈ પ્રમુખપદની રેસમાંથી સ્વેચ્છાએ બહાર રહે તેવી ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં જોર પકડી રહી છે.સંદીપ દેસાઈ એ ફરી પ્રમુખપદ નહીં સ્વીકારવાની વાત પ્રદેશ પ્રમુખ સમક્ષ જણાવી હોવાનું માર્કેટ યાર્ડના સૂત્રોએ જણાવ્યું છે. તેઓ સાધારણ ડિરેક્ટર બની રહેશે. તેમના સ્થાને પ્રદેશ ભાજપ નવા ચહેરાની પસંદગી કરશે. ચર્ચા એવી છે કે, સુમુલ ડેરીની ચૂંટણી પૂર્વે ભાજપમાં સુરત APMC કે સુરત ડિસ્ટ્રિક્ટ બેંકની ચૂંટણીનો કોઈ નિર્ણય માંગતું નથી. જેથી સુમુલની ચૂંટણીમાં અંદરો અંદર કોઈ ડખો ઉભો ન થાય અને કોંગ્રેસ એનો લાભ ઉઠાવી ન શકે. સુમુલ અને ડિસ્ટ્રિક્ટ બેંકની કેટલીક બેઠકો આજેનપણ કોંગ્રેસનો ગઢ ગણાય છે.

વડોદરા શહેરના કોટંબી સ્ટેડિયમ નજીક કાળમુખો અકસ્માત

ઊભેલી ટ્રક પાછળ લક્ઝરી ઘૂસી જતાં 1 બાળક સહિત 8નાં મોત

રાજસ્થાનના બાસવાડાથી સુરત જતી ‘બાલાજી ટ્રાવેલ્સ’ની બસનો વહેલી સવારે ૪ વાગ્યે અકસ્માત

૨૭ મુસાફરો લોહીલુહાણ, બસ પતરાની જેમ ચીરાઈ ગઈ, કટર વડે બોડી કાપીને ફસાયેલા પ્રવાસીઓને બહાર કઢાયા

મૃતકોના નામ

૧) વિનોદ નરેશ ડામોર - ૩૦	૫) પિંકી ભાટિયા - ૩૬
૨) મુકેશ જીવાજી ડિંડોર - ૩૪	૬) અજાણ્યો પુરુષ
૩) પ્રીત હિતેશ ભાટિયા - ૯	૭) અજાણ્યો પુરુષ
૪) મહેન્દ્રકુમાર ભોગીલાલા પંડ્યા - ૬૮	૮) હરજીંગભાઈ વાલજીભાઈ કટારા - ૩૦

ઈજાગ્રસ્તના નામ

૧) પીંકી રાવલ - ૪૦	૧૪) વિજય કટારા - ૨૨
૨) મનીષા રાવલ - ૧૬	૧૫) સીમા યાદવ - ૩૫
૩) રામચંદ્ર ડોરીયા - ૨૬	૧૬) અજાણ્યો પુરુષ - ૨૯
૪) શિલ્પા પાટીદાર - ૨૩	૧૭) ભગવતીભાઈ - ૪૦
૫) મહેન્દ્ર કટારા - ૩૨	૧૮) સાગર કટારા - ૪૫
૬) આશિષ યાદવ - ૧૨	૧૯) પાયલબેન નાઈ - ૩૫
૭) આશિષ કટારા - ૧૦	૨૦) કલ્પેશ ગાયર - ૨૦
૮) બંસીલાલ રાણે - ૨૦	૨૧) સુરેશભાઈ ડીંડોર - ૨૨
૯) જીવરાજભાઈ - ૨૭	૨૨) ધર્મિષ્ઠા - ૩૬
૧૦) ગુંજનબેન - ૨૨	૨૩) પંકજભાઈ ચારપોટ - ૨૫
૧૧) પંકજભાઈ - ૩૦	૨૪) કમલેશભાઈ કટારા - ૩૦
૧૨) ભેરુલાલ મીણા - ૩૪	૨૫) રમેશભાઈ - ૨૮
૧૩) પિન્ટુ ચારપોટ - ૨૫	૨૬) માયાબેન પાટીદાર - ૩૦

(પ્રતિનિધિ) વડોદરા. તા. ૧૭

વડોદરા શહેરના કોટંબી સ્ટેડિયમ નજીક આજે ૧૭ જૂનની વહેલી સવારે એક કાળજું કંપાવી દેનારી દુર્ઘટના સામે આવી છે. હાઈવે પર ઊભેલી એક ટ્રકની પાછળ રાજસ્થાનથી આવી રહેલી લક્ઝરી બસ ધડાકાભેર ઘૂસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક ૯ વર્ષના નિર્દોષ બાળક સહિત કુલ ૮ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. જ્યારે અન્ય ૨૭ પ્રવાસીઓ ઈજાગ્રસ્ત થતાં વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડાયા છે. બસની ટક્કર એટલી જોરદાર હતી કે લક્ઝરી બસનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માતની તીવ્રતા જોતાં જ સ્થાનિક તંત્ર હરકતમાં આવ્યું હતું. બસમાં અનેક મુસાફરો ફસાયા હોવાની કંટ્રોલ રૂમમાં માહિતી મળતા જ NDRF, SDRF અને વડોદરા ફાયર વિભાગની ટીમો કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ગેસ કટર અને આધુનિક કટિંગ ટુલ્સનો ઉપયોગ કરી બસના પતરા કાપીને ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરાઈ હતી. ભારે જહેમત બાદ રોડ પરથી અકસ્માતગ્રસ્ત વાહનો હટાવી વાહનવ્યવહાર પૂર્વવત કરાયો હતો.

રાજસ્થાનથી સુરત કમાણી અર્થે જઈ રહેલા ઈજાગ્રસ્ત મુસાફર બંસીલાલે હોસ્પિટલના બિછાનેથી આપવીતી સંભળાવતા કહ્યું કે, વહેલી સવારે બસમાં તમામ મુસાફરો ગાઢ નિદ્રામાં હતા.

અચાનક જ વહેલી સવારે ૪ વાગ્યાની આસપાસ એક પ્રચંડ ધડાકો થયો. અકસ્માતની એ ક્ષણે જાણે આખી બસમાં જોરદાર કરંટ લાગ્યો હોય તેવો આંચકો અનુભવાયો હતો. મારી સાથે બસમાં અન્ય બે યુવકો પણ સવાર હતા.

NDRFના ૬ બટાલિયન કમાન્ડન્ટ સુરેન્દ્રસિંઘે જણાવ્યું હતું કે, સવારે ૪:૪૦ વાગ્યે કોટંબી સ્ટેડિયમ પાસે અકસ્માતની માહિતી મળતા જ ટીમ રવાના કરાઈ હતી. બસ અને ટ્રક વચ્ચે થયેલી જોરદાર ટક્કરને પગલે મુસાફરો અંદર જકડાઈ ગયા હતા. ટીમે અદ્યતન સાધનોની મદદથી તાત્કાલિક ઓપરેશન શરૂ કરીને ૨૪ લોકોને સુરક્ષિત રીતે બચાવી લીધા હતા, જ્યારે ૫ મૃતદેહોને બસ કાપીને બહાર કાઢવામાં આવ્યા હતા.

અનુસંધાન... પાના છેલ્લાનું

સુરતમાં મનપાની

સભ્ય ગણાવી આગામી દિવસોમાં આઈઈડી કાર બ્લાસ્ટ અને માનવ બોમ્બ દ્વારા હુમલા કરવાની ચીમકી આપી હતી. સાવચેતીના ભાગરૂપે મુગલીસરા સ્થિત મુખ્ય કચેરી તાત્કાલિક ખાલી કરાવી વિવિધ એજન્સીઓ દ્વારા કલાકો સુધી સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. જોકે, તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ કે વિસ્ફોટક વસ્તુ મળી ન આવતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

પોલીસ અને મનપામાંથી મળતી જાણકારી પ્રમાણે, આજે સવારે આશરે ૧૧:૦૦ વાગ્યાની આસપાસ સુરત મહાનગરપાલિકાની મુગલીસરા કચેરી ખાતે આવેલી મેયરની ઓફિસના સત્તાવાર ઈ-મેઈલ આઈડી પર એક ધમકીભર્યો મેલ આવ્યો હતો. જેમાં કચેરીને બોમ્બથી ઉડાવી દેવાનો ઉલ્લેખ કરાયો હતો. આ બાબતની જાણ થતાં જ ઉચ્ચ અધિકારીઓ સહિત પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. ધમકીની ગંભીરતાને જોતાં સ્થાનિક લાલગેટ પોલીસ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, ડિટેક્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચઅને બોમ્બ સ્ક્વોડ તેમજ ડોગ સ્ક્વોડની ટીમોએ બપોરે 3:30 વાગ્યાથી સમગ્ર પરિસરમાં મોરચો સંભાળી લીધો હતો. સુરક્ષાના ભાગરૂપે કચેરીમાં હાજર તમામ કર્મચારીઓ અને મુલાકાતીઓને તાત્કાલિક બહાર કાઢી આખી બિલ્ડિંગ ખાલી કરાવી દેવાઈ હતી.

મ્બ સ્ક્વોડ દ્વારા વહીવટી ભવનની તમામ ઓફિસો, કોરિડોર, અગાશી અને પાર્કિંગ સહિતના તમામ ખૂણે-ખૂણા તપાસવામાં આવ્યા હતા. સાવચેતીના પગલા રૂપે મુગલીસરા ઓફિસની બિલકુલ બાજુમાં આવેલી સ્કૂલમાં પણ પોલીસ ટીમો દ્વારા ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી, પરંતુ ત્યાં પણ કંઈ શંકાસ્પદ મળ્યું ન હતું. પોલીસે વધુમાં જણાવ્યા અનુસાર, પ્રાથમિક તપાસમાં આ ધમકીભર્યો મેલ મોકલવા માટે ‘પ્રોક્સી સર્વર’ અથવા VPNનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે, જેથી મોકલનારનું ચોક્કસ લોકેશન તાત્કાલિક ટ્રેસ ન થઈ શકે. હાલ સુરત સાયબર ક્રાઈમ પોલીસે ઈમેલના આઈપી એડ્રેસના આધારે આ અજાણ્યા તોફાની તત્વોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

કર્મચારીઓને બપોર સુધી વસ્તી ગણતરીમાં જોડવા ત્યાર બાદ પરત આવવા સૂચના પણ મોટા ભાગનાએ રજા પાડી

તાપી ભવનને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી બાદ ડોગ સ્ક્વોડ અને મનપાના માર્શલો તેમજ પોલીસ દ્વારા તાપી ભવનના ખુણે ખુણાથી માંડીને બાજુમાં આવેલા ફાયર સ્ટેશન અને મલ્ટી લેવલ પાર્કીંગમાં જીણવટ ભરી તપાસ થઇ હતી. સાવચેતીના ભાગ રૂપે તાપી-ભવનમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓને બહાર કઢાયા હોય મોટા ભાગના કર્મચારીઓ ઘરે ચાલ્યા ગયા હતા. જો કે ડેપ્યુટી કમિશનર નીધી સીવાચ દ્વારા જે કર્મચારીઓના વસતી ગણતરીમાં ઓર્ડર હોય તેને બપોર સુધી તેમાં જોડાઇને બપારે બાદ પરત આવવા સુચના આપી હતી પરંતુ મોટા બાગના કર્મચારીઓ પરત ફર્યા નહોતા. આમ અણધારી રજા મળ્યાનો માહોલ જામ્યો હતો.

શાળાઓને પણ ધમકી: ‘બાળકોને બચાવી લો’

આ ઈ-મેઈલમાં માત્ર સરકારી કચેરીઓ જ નહીં, પરંતુ શાળાઓને પણ નિશાન બનાવવાની વાત કરવામાં આવી છે. બપોરે ૧:૧૧ વાગ્યે શાળાઓમાં ધડાકા કરવાની ધમકી આપતા લખાયું છે કે, “પોતાના બાળકોને બચાવી લો. જોકે, સાથે એવો પણ દાવો કરાયો છે કે ખાલિસ્તાનવાળા બાળકોના વિરોધમાં નથી, પરંતુ તેમનો મુખ્ય ટાર્ગેટ ગૃહમંત્રી જ છે.

મેયર ઓફિસ અને

કહી છે, તેમજ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને કર્મચારીઓને ઓફિસ ન જવાની સલાહ આપી છે.

કેમ્પસની આસપાસનાં

હતું. જ્યારે ઈમેલ મોકલનાર ઇસમને ઝડપી પાડવા માટે સાયબર સેલ દ્વારા ટેક્નીકલ એનાલીસીસ શરૂ કરવામાં આવ્યું છે.

સુરતનો 10 વર્ષનો

આપ્યું અને તેની પસંદગી થઈ હતી. ધમાલ-4 ફિલ્મમાં પોતાનો અભિનય રજૂ કરનાર રિયાંશ કઈ રીતે બોલિવૂડ સુધી પહોંચ્યો તે રસપ્રદ છે. જ્યારે તે માત્ર સવા ચાર જ વર્ષની ઉંમરનો હતો ત્યારે તેના ઘરમાં તેની માતા ભારતીબેન રિયાંશની મોટી બહેનને એક્ટિંગ અને ડાયલોટ ડિલિવરી શીખવાડી રહ્યા હતા. આ સમયે રિયાંશ પણ શીખતો ગયો. રિયાંસનો ગ્રાસ્પિંગ પાવર જોઈને તેની માતાને લાગ્યું કે રિયાંશ પર વધુ મહેનત કરવી જોઈએ અને બાદમાં માતાએ મહેનત કરતાં રિયાંશ બોલીવૂડ સુધી પહોંચી શક્યો છે.

ઓડિશન પાવરફૂલ અને સરસ યાદશક્તિએ રિયાંશને અનેક સિરિયલોમાં કામ અપાવ્યું

જ્યારે રિયાંશનું ઓડિશન લેવામાં આવ્યું ત્યારે તેણે પોતાની એક્ટિંગનો પરિચય આપી દીધો હતો. શૂટિંગમાં ગમે તેવો મોટો ડાયલોગ બોલી રિયાંશની યાદશક્તિ સરસ છે અને તેને કારણે જ તેની પસંદગી અત્યાર સુધી અનેક સિરિયલોમાં થઈ છે. રિયાંશે જે જે સિરિયલોમાં કામ કર્યું તેમાં જાણીતી સિરિયલ ‘ઇમલી’, ‘શિવ શક્તિ’માં ભગવાન ગણેશનું પાત્ર ભજવ્યું હતું. જ્યારે ‘જ્યાદા મત ઉડ’ સિરિયલમાં તે મુખ્ય ભૂમિકામાં હતો. રિયાંશે સિરિયલો ઉપરાંત 15થી વધુ ટીવી જાહેરાતોમાં પણ લીડ રોલ કર્યો છે.

સાડા ચાર વર્ષની ઉંમરથી રિયાંશે શરૂ કરેલી મહેનત તેને મોટી ફિલ્મ તરફ લઈ ગઈ: ભારતી ડાભી

આશરે સાડા ચાર વર્ષની ઉંમરથી જ રિયાંશે બોલિવૂડમાં જવા માટે સંઘર્ષ કર્યો છે. તેની મહેનતને પગલે જ તેને અજય દેવગન જેવા સ્ટાર સાથે કામ કરવાનો મોકો મળ્યો છે. રિયાંશના સારા પર્ફોર્મન્સને પગલે જ ટોચના કાસ્ટિંગ ડાયરેક્ટર સામેથી ફોન કરે છે. રિયાંશે ઇન્દ્રકુમાર અને રોહિત શેટ્ટીની સાથે પણ કામ કર્યું છે. જ્યારે રિયાંશની અજય દેવગન સાથેની ફિલ્મ રિલિઝ થશે ત્યારે તે અમારા માટે ગર્વની ક્ષણ હશે તેમ રિયાંશના માતા ભારતી ડાભીએ જણાવ્યું હતું.

હું ભવિષ્યમાં અજય

ભણતરને મેં છોડ્યું નથી. જ્યારે પણ શૂટિંગમાં સમય મળતો ત્યારે હું સ્કૂલના પુસ્તકો લઈને ભણવા બેસી જતો હતો, હોમવર્ક પણ કરતો અને નિયમિત અભ્યાસ પણ કરતો હતો.

ટેલિગ્રામ પર પ્રતિબંધ

જરૂરી બને છે. કેસ સાથે સંબંધિત કેટલાક ટેલિગ્રામ ચેનલો અને જૂથો સામે કાર્યવાહી કરવામાં આવી છે. જોકે, ઘણા વપરાશકર્તાઓનો દાવો છે કે સામાન્ય ઈન્ટરનેટ કનેક્શન પર ટેલિગ્રામ ઉપલબ્ધ ન હોવા છતાં VPN અથવા Proxy Server નો ઉપયોગ કરીને તેઓ હજુ પણ ટેલિગ્રામનો ઉપયોગ કરી શકે છે. આ સ્થિતિ સાયબર સુરક્ષા અને ઈન્ટરનેટ ગવર્નન્સ અંગે કેટલાક મહત્વના પ્રશ્નો ઉભા કરે છે. ઈન્ટરનેટ પર કોઈપણ સેવા પર પ્રતિબંધ લાદવો ટેકનિકલ રીતે સરળ નથી.

VPN દ્વારા ટેલિગ્રામ કેમ ચાલે છે?

જ્યારે કોઈ વેબસાઈટ અથવા એપ્લિકેશનને એક દેશની અંદર બ્લોક કરવામાં આવે છે, ત્યારે તે બ્લોક મુખ્યત્વે સ્થાનિક ઈન્ટરનેટ સેવા પ્રદાતાઓ (ISP) અને નેટવર્ક ગેટવે સ્તરે અમલમાં મૂકવામાં આવે છે. VPN નો ઉપયોગ થતાં વપરાશકર્તાનું ઈન્ટરનેટ ટ્રાફિક બીજા દેશમાં આવેલા સર્વર મારફતે પસાર થાય છે, જેના કારણે સ્થાનિક પ્રતિબંધોને બાયપાસ કરી શકાય છે.

ગાંધી ઇજનેરી કોલેજમાં

બેઠકો ઉપલબ્ધ રહેશે. છેલ્લા કેટલાક વર્ષોથી કમ્પ્યુટર અને આઈટી ક્ષેત્રમાં વધતી માંગને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે. કોલેજમાં પ્રથમ વખત 75 બેઠકો સાથે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (IT) એન્જિનિયરિંગની નવી બ્રાન્ચ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત ઈન્ડસ્ટ્રી 4.0 અને ઓટોમેશન યુગની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને 75 બેઠકો સાથે રોબોટિક્સ એન્ડ ઓટોમેશન એન્જિનિયરિંગની નવી શાખા પણ શરૂ થશે. ટેલિકોમ્યુનિકેશન, નેટવર્કિંગ અને ડિજિટલ કમ્યુનિકેશન ક્ષેત્રમાં વધતી કારકિર્દીની તકોને ધ્યાનમાં રાખી 75 બેઠકો સાથે ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (ICT) બ્રાન્ચને પણ મંજૂરી આપવામાં આવી છે.

નવસારીમાં મેઘરાજાનો

‘ટ્રાયલ

અહેસાસ તો કરાવ્યો છે, પરંતુ ખેતીને જીવદાન આપે એવો વ્યાપક વરસાદ હજુ સુધી જોવા મળ્યો નથી. પરિણામે ખેડૂતોમાં નિરાશા અને ચિંતા બંને વધી રહી છે. જિલ્લાની કરોડો રૂપિયાની કૃષિ અર્થવ્યવસ્થા ડાંગરની ખેતી પર નિર્ભર છે. હાલમાં ખેડૂતો ખેતરો તૈયાર કરીને બેઠા છે, પરંતુ વરસાદની અનિશ્ચિતતા તેમને મૂંઝવણમાં મૂકી રહી છે. સમયસર અને પૂરતા વરસાદના અભાવે વાવણી અને રોપણીનું આયોજન ખોરવાઈ શકે છે. જો આગામી દિવસોમાં પણ વરસાદ ખેંચાય તો સમગ્ર સિઝન પર તેની ગંભીર અસર પડવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

નાસીરનગરના અસરગ્રસ્તો

છે. ઝૂંપડપટ્ટી અને કાચા મકાનોમાં રહેતા શ્રમિકોએ જ પોતાની મહેનતથી શહેરોના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે. તેમણે સવાલ કર્યો હતો કે, જો ચૂંટણી સમયે આ વિસ્તારોમાં વસતા લોકોના મત માન્ય ગણવામાં આવે છે, તો પછી તેમના રહેઠાણને અમાન્ય કેવી રીતે ગણાવી શકાય? આઠવલેએ વધુમાં જણાવ્યું હતું કે, ગરીબ પરિવારોને ઘરવિહોણા કરતા પહેલાં તેમની વૈકલ્પિક વસાહતની વ્યવસ્થા કરવી જરૂરી છે. તેમણે સુરત મહાનગરપાલિકાને મહારાષ્ટ્રની સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (SRA) જેવી યોજના અમલમાં મૂકવાની સલાહ આપી હતી. તેમના મતે, પુનર્વસન સાથે વિકાસનો માર્ગ અપનાવવામાં આવે તો ગરીબોના હિતો પણ સુરક્ષિત રહી શકે અને શહેરનો વિકાસ પણ અટકે નહીં.

સીટની રચના કરવા અને એસઓજી ડીસીપી સામે કાર્યવાહી કરવા મુખ્યમંત્રીને અસલમનો પત્ર

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અસલમ સાયકલવાલાએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી નાસીરનગર ડિમોલિશન પ્રકરણની ઉચ્ચ સ્તરીય SIT દ્વારા તપાસ કરાવવાની માંગ કરી છે. તેમણે આ સમગ્ર કાર્યવાહી પાછળ બિલ્ડર અને કેટલાક અધિકારીઓની સંભવિત મિલીભગત હોવાનો આક્ષેપ કર્યો છે.

સાયકલવાલાએ SOGના DCP રાજદીપસિંહ નકુમ પર સત્તાનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવી તેમને તાત્કાલિક સસ્પેન્ડ કરવાની માંગ કરી છે. સાથે જ ડિમોલિશન સમયે થયેલી કાર્યવાહી, CCTV ફૂટેજ, વાયરલ વીડિયો અને સંબંધિત કોલ ડિટેલ્સની તપાસ કરીને જવાબદારો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવા સરકારને અપીલ કરી છે.

ભૂતિયા ડિમોલિશનમાં

નાયકે સીલબંધ કવરમાં પોતાનો રિપોર્ટ કમિ. દ્વારા નિમવામાં આવેલી તપાસ સમિતીને સોંપ્યો છે પરંતુ આ રિપોર્ટમાં શું છે તેની વિગતો બહાર આવી નથી.

તપાસ સમિતીએ પણ આ રિપોર્ટ આવ્યા બાદ પણ બેઠક બોલાવી નથી. તપાસ સમિતીમાં બે ડે.કમિ. અને એક એડિ. સિટી ઈજનેર સહિતના ઉચ્ચ અધિકારીઓ હોવા છતાં પણ બેઠક બોલાવવાની ફુરસદ મળી નથી.

હજુ તપાસ સમિતી દ્વારા રિપોર્ટનો અભ્યાસ કરવામાં આવ્યા બાદ પોતાનો રિપોર્ટ કમિ.ને સોંપવામાં આવશે અને ત્યારબાદ જ જવાબદાર કોઈ છે કે કેમ? અને કોણ જવાબદાર છે તેની પરથી પડદો ઉઠશે. એવું મનાઈ રહ્યું છે કે, જવાબદારોને બચાવવા માટે આખા મામલાને લંબાવવામાં આવી રહ્યો છે. જેથી બિલ્ડરો આખા ડિમોલિશનને સ્વૈચ્છિકમાં ખપાવવાનો પોતાનો ‘ખેલ’ કરી શકે. આ વિવાદી પ્રકરણમાં આખી રિંગ બની ગઈ હોવાથી હવે સત્ય બહાર આવશે કે કેમ?તેની પર પણ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

મૂળ કરજણની નેન્સી

ઉછેર્યો હતો. ન્યુઝીલેન્ડ મહિલા ટીમે ઝિમ્બાબ્વે સામે T-20 શ્રેણી 3-0 અને ODI શ્રેણી 2-0થી જીતી. નેન્સીએ T-20માં 5 અને ODIમાં 1 વિકેટ લઈ ઓફ સ્પિનર તરીકે પોતાની ઓળખ બનાવી છે. તો આઈસીસી વુમન ટી-20 વર્લ્ડકપમાં વેસ્ટ ઇન્ડિસ સામે પ્રથમ મેચ રમી હતી. જેમાં 2 ઓવરમાં 22 રન આપ્યા હતા. તો શ્રીલંકા મહિલા ટીમ સામે 4 ઓવરમાં 23 રન આપીને 2 વિકેટ ઝડપી હતી.

પપ્પા મારા પહેલા

પોતાની પૌત્રી નેન્સીની સિદ્ધિ પર હરખ વ્યક્ત કરતાં કહ્યું કે, તે માત્ર ચોથા ધોરણમાં હતી ત્યારે ન્યુઝીલેન્ડ ગઈ હતી અને આજે તેણે પરિવાર સાથે આખા વિસ્તારનું ગૌરવ વધાર્યું છે. ટીવી પર તેને રમતી જોઈને પરિવારને અપાર આનંદ થાય છે.

સુડોકુ ૩૫૫૩ - ‘ક્લુ’

		૭	૧	૩	૨		૮	૪
						૨		
૩			૪	૮				
૯	૩		૮	૬	૭	૧		
૪	૬	૨		૧	૯			૮
					૩	૯	૫	
		૯		૨			૬	
	૧			૫		૩	૨	૭
૨					૧	૮		૫

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ-૩૫૫૨

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

પાઠુ- ગૂમડું

કરિયાતું, હરડાં, બહેડાં, આમળા સરખા ભાગે લઈ ચવકુટ કરી ભરી લો. તેમાંથી 20g ચૂર્ણ 400 મીલી પાણીમાં ઉકાળી, 100 મીલી રહે ત્યારે ગાળી બે ભાગ કરી, સવારે અને સાંજે પીવું.

આજનું પંચાંગ

તા. 18/06/2026, ગુરુવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિઃ સુદઃ ચોથઃ 19:00 વિનાયક ચતુર્થી
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જેઠઃ 28
યોગ : વ્યાઘાત **કરણઃ** વણિજ
નક્ષત્ર : પુષ્યઃ 11:33 પછી જન્મેલાની આશ્લેષાની શાંતિ કરાવવી
રાશિઃ કર્ક (ડ,હ)
દિવસ : સામાન્ય- ગુરુ પુષ્પા અમૃત સિદ્ધિ યોગ-સૂર્યોદય નથી 11:33 સુધી ગુરુ અર્જુન દેવ સહિદદિન
સુરતમાં સૂર્યોદય : 05:59 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:21
નવકારસી : 06:47
પારસી વર્ષ : 1395 બહમન માસનો 08મો રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો 02જો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિનાં ચોઘડિયાંઃ અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત
રાહુ કાળ : બપોરેઃ- 13:30 થી 15:00 સુધી

આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): બહારના કામમાં મદદ મળે. નવા કામની તક ઊભી થાય. વડીલોના આરોગ્યની ચિંતા સતાવશે.

વૃષભ (બ,વ,ઉ,): જોખમ ઉઠાવવું નહી. નવી નોકરીની તક ઊભી થાય. મિત્રોની મદદથી મહત્વના કામમાં પ્રગતિ થાય.

મિથુન (ક,છ,ઘ,): ઘરના કામમાં મદદ મળે. મોજશોખ ખાણી-પીણી માર્કેટીંગ જેવા કામમાં અનુકુળતા વધશે.

કર્ક (ડ,હ,): આનંદમય વાતાવરણમાં કામ કરવાની તક ઊભી થાય. બહારના કામમાં મદદ મળે. નોકરીમાં પ્રભાવ વધે.

સિંહ (મ,ટ,): પડવા-વાગવાથી સાવધાન. કોઇના જામિન થવું નહીં. નોકરીમાં હરીફોથી સાવધાન. આરોગ્ય નરમ રહે.

કન્યા (પ,ઠ,ણ,): આવક વધશે. શેર બજારમાં તક મળે. મિત્રોની મદદ ઘરના કામમાં મળે. અભ્યાસમાં પ્રગતિ થાય.

તુલા (ર,ત,): સમાજ, જાહેર જીવનમાં પ્રતિષ્ઠા વધે. નોકરીમાં પ્રભાવ વધે. સ્વતંત્ર ધંધામાં આવક વધે. નવી તક મળે.

વૃશ્ચિક (ન,ય,): ઈન્ટરવ્યુમાં સફળતા મળે. પ્રવાસના કામમાં લાભ થાય. ધાર્મિક પ્રવાસ થાય. બૌદ્ધિક કામમાં યસ મળે.

ધન (ભ,ધ,ફ,ઢ,): સમાજીક સમસ્યાનું સમાધાન થઇ શકે છે. ધર્મકર્મથી શાંતિ મળે. અચાનક નવી તક મળે.

મકર (ખ,જ,): સામાજીક કાર્યક્રમમાં ભાગ લેવાનું બને. ઘરમાં ઉંમરલાયકના વિવાહ થાય. રોજની આવકમાં વધારો થાય.

કુંભ (ગ,સ,શ,ષ,): જૂના દર્દો પરેશાન કરશે. આરોગ્યના ખર્ચા વધે. નોકરીમાં ઊપરી વર્ગનો સાથ મળે.

મીન (દ,ચ,ઝ,થ,): જીવન સાથી, સંતાન સાથે મનોરંજન થાય. પ્રેમમાં સાથ મળે. આવક વધે. અભ્યાસમાં પ્રગતિ થાય.

કોઈ પણ સાલમાં 18 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં ચડતી-પડતી ધંધામાં હરીફો વધશે. સમાજમાં સામાન્ય રહે. પરિવારની અપેક્ષા દોડધામ વધારે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. ઉધરાણીની ચિંતા સતાવે. આરોગ્ય સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. વિલ-વારસામાં કાયદાકીય પ્રશ્નો સતાવે. ઊંમર લાયકને ભાગ્યનો સાથ મળે. પ્રેમ-વિવાહની શક્યતા રહે. વિદેશના કામ, આયાત-નિકાસ, પ્રવાસ, ઉચ્ચ શિક્ષણ બાબતે મદદ મળે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. મન ઓછું લાગે, નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. જમીન, ખેતીને લગતાં કામ થાય. આધુનિક ટેકનોલોજીમાં લાભ મળે. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. સામાજીક કામમાં વડીલોની મદદ મળતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. ખર્ચા-એપ્રિલ-ઓક્ટોબર-નવેમ્બર, મંગળ, ગુરુવાર, 09,18,27 તારીખે નવા કામ કરવાં ડીસેમ્બર-જાન્યુઆરી, બુધ- શનિવાર, 8,17,26 તારીખે નવા કામ ટાળવાં. સફેદ રંગનો ઉપયોગ ટાળવો. મંગળવારના ઉપાય કરવા લાલ રંગ વાપરવો.

અનુસંધાન... પાના પહેલાનું

મોદીએ ટ્રમ્પ સમક્ષ...

ઉત્તમ’ ગણાવી હતી.

3 ભારતીય નાવિકોના મોત અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં ટ્રમ્પે કહ્યું ‘મેં તેના વિશે સાંભળ્યું છે, આ ખૂબ જ જોખમી અને અઘરો વ્યવસાય છે, એમાં કોઈ શંકા નથી.

તેમણે આ દિશામાં સાથે મળીને કામ કરવાની વાત કહી હતી. અમેરિકામાં એચ1-બી વિઝાની સમસ્યાના કારણે ભારતીય પ્રોફેશનલ્સને પડતી મુશ્કેલીઓ અંગેના પ્રશ્ન પર ટ્રમ્પે જણાવ્યું કે, રોજગારના મામલામાં અમેરિકાના ભારત સાથે હંમેશાં ખૂબ જ શાનદાર અને જબરદસ્ત સંબંધો રહ્યા છે.

બાદમાં પોતાના ટેલિવિઝન સંદેશમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયા (વેસ્ટ એશિયા)ના સંકટને સમાપ્ત કરવા માટે પ્રમુખ ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી.

ભારત જી7 સંમેલનમાં એક ‘અતિથિ દેશ’ તરીકે આમંત્રિત હતો. આ જૂથમાં કેનેડા, ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન, યુનાઈટેડ કિંગડમ, અમેરિકા અને યુરોપિયન યુનિયન સામેલ છે, જે વૈશ્વિક આર્થિક અને ભૌગોલિક પડકારો પર ચર્ચા કરે છે.

જો મોદી હોય...

નાવિકોના મોતના કારણે બંને દેશો વચ્ચે આવેલા તણાવને દૂર કરવા માટે આ બેઠક ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ટ્રમ્પે ભારત અને અમેરિકાના સંબંધોને અત્યાર સુધીના સૌથી મજબૂત ગણાવ્યા હતા.

પશ્ચિમ એશિયાના સંકટમાં ભારતની ભૂમિકા અંગે પૂછવામાં આવતા ટ્રમ્પે સ્પષ્ટ કર્યું કે, જ્યાં સુધી પીએમ મોદી નેતૃત્વ કરી રહ્યા છે ત્યાં સુધી ભારત વૈશ્વિક સ્તરે અને દરેક બાબતમાં ખૂબ મોટી ભૂમિકા ભજવશે.

આ સાથે જ તેમણે જણાવ્યું કે ભારત અને અમેરિકા હાલમાં મહત્વપૂર્ણ વેપાર કરારો પર પણ કામ કરી રહ્યા છે.

મોદીજી દેખાવમાં...

‘મોદીજી બહારથી જોવામાં તમારા પિતા જેવા પ્રેમાળ લાગે છે, પરંતુ વાસ્તવમાં તેઓ કિલર છે.’

વાતચીત દરમિયાન ટ્રમ્પે વર્ષ 2019 માં ટેક્સાસમાં યોજાયેલા ‘હાઉડી મોદી!’ કાર્યક્રમનો ઉલ્લેખ કર્યો હતો. આ સાંભળીને પીએમ મોદીએ વચ્ચે ઉમેર્યું કે વર્ષ 2020માં અમદાવાદમાં ‘નમસ્તે ટ્રમ્પ’ કાર્યક્રમ પણ યોજાયો હતો.‘ નમસ્તે ટ્રમ્પ’ નો ઉલ્લેખ થતાં જ ટ્રમ્પે જાહેરાત કરી કે, ‘આપણે ભવિષ્યમાં કોઈક સમયે ફરી ભારત જઈશું.’

ભારત અને ઈયુ...

ભારતીય સત્તાવાર નિવેદન અનુસાર, નેતાઓએ વ્યાપાર કરાર પર ઝડપથી હસ્તાક્ષર કરવા અને તેનો અમલ કરવા પર ભાર મૂક્યો હતો. કારણ કે, તે વ્યાપાર અને રોકાણ માટે વિશાળ તકો ખોલશે અને ખાસ કરીને વર્તમાન અશાંત ભૌગોલિક-રાજકીય સંદર્ભમાં સપ્લાય ચેઈનમાં વિવિધતા લાવવામાં મદદ મળશે. ભારત અને ઈયુએ ૨૭ જાન્યુઆરીના રોજ પીએમ મોદી અને ટોચના ઈયુ નેતૃત્વ વચ્ચેની સમિટ બેઠક બાદ મુક્ત વ્યાપાર કરાર – જેને ‘બધા કરારોની માતા’ તરીકે ઓળખવામાં આવે છે – માટેની વાટાઘાટો પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, વૈશ્વિક જીડીપીમાં લગભગ ચોથા ભાગનો હિસ્સો ધરાવતો આ મુક્ત વ્યાપાર કરાર ઈયુમાં ભારતના ૯૯ ટકા નિકાસ પરના ટેરિફમાં ઘટાડો કરશે અને ભારતમાં ઈયુની ૯૭ ટકાથી વધુ નિકાસ પરની ડ્યુટીમાં કાપ મૂકશે.

૧૫ જુલાઈથી...

વચ્ચેના આર્થિક સંબંધોને નોંધપાત્ર ગતિ આપશે.

બ્રિટિશ સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, આ વેપાર સોદો યુકે અને ભારતના ઉદ્યોગોને અસંખ્ય લાભો પહોંચાડશે, જેમાં વ્હિસ્કી પરની ટેરિફ ૧૫૦ ટકાથી ઘટીને ૪૦ ટકા થઈ જશે, ઓટોમોટિવ્સ પરની જકાત એક ક્વોટા હેઠળ ૧૦૦ ટકાથી ઘટીને ૧૦ ટકા થશે અને કોસ્મેટિક્સ પરની ૨૨ ટકા સુધીની જકાત કાં તો પ્રથમ દિવસથી અથવા તબક્કાવાર રીતે નાબૂદ કરવામાં આવશે.